# PRESS RELEASE

ભારત સરકારના કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી, અર્થ સાયન્સ મંત્રી ડો. હર્ષ વર્ધન 12 મે, 2017ના રોજ "અમદાવાદ અને ગાંધીનગરના ટ્વિન સિટી માટે સિસ્ટમ ઓફર એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચ (સફર)"નું ઉદ્ઘાટન કરશે, જે અમદાવાદ માટે પ્રથમ પ્રકારની સિસ્ટમ હશે. મંત્રાલય દેશને વિજ્ઞાન આધારિત ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરશે, જે સામાન્ય હવામાન, ચોમાસુ તેમજ માનવીય સ્વાસ્થ્ય, કૃષિ, ઉડ્ડયન, સ્પોટર્સ, એડવેન્ચર વગેરે સાથે સંબંધિત હવાની ગુણવત્તાની આગાહી જેવી ચોક્કસ સેવાઓ સાથે સંબંધિત છે. એ સીરિઝમાં સફર સ્થાનિક લોકોને અગાઉથી ચેતવણી આપતી વ્યવસ્થા છે, જે હવાની ગુણવત્તા, સ્વાસ્થ્ય પર સલાહ, હવામાન, ઉપયોગી અને નુકસાનકારક વિકરણ, અસાધારણ ઘટના અને પર્યાવરણ સંબંધિત જાગૃતિ સાથે સંબંધિત છે, જે નુકસાનકારક અસરો સાથે સંબંધિત છે એટલે નાગરિકોને અગાઉથી તૈયાર રહેવા અને હસ્તક્ષેપ કરવા સક્ષમ બનાવે છે. જ્યારે ભારત "સ્વચ્છ ભારત"ના મહત્ત્વાકાંક્ષી અભિયાનમાં અગ્રેસર છે, ત્યારે મંત્રાલયનું વિઝન સમયસર વૈજ્ઞાનિક રીતે લોકોને યોગ્ય સમજણ આપીને હવાને સ્વચ્છ બનાવવાનું છે, કારણ કે તેની કલ્પના, તેનો વિકાસ અને તેનો અમલ મંત્રાલયમાંથી આપણા દેશના વૈજ્ઞાનિકોએ કર્યો છે. સફર હેઠળ ટેકનોલોજી આધારિત નોલેજ ઉત્પાદનો સ્વાસ્થ્ય અને નીતિનિર્માતાઓને લાભ પ્રદાન કરે છે, જેનું વિઝન હવાની ગુણવત્તાના ક્ષેત્રમાં ભારતને 'નવા ભારત'માં બદલવાનું છે, જ્યાં આર્થિક વિકાસ સાથે પર્યાવરણને નુકસાન ન થાય તેવા વિકલ્પો અજમાવવામાં આવશે.

સામાજિક અને આર્થિક લાભ જટિલ છે અને આ માટે વૈજ્ઞાનિક સમજણની જરૂર છે તથા તેને દરેક પગલે સામાજિક આર્થિક પાસા સાથે જોડવાની જરૂર છે એવા નિર્ણયો લેવા કાચા ડેટામાંથી માહિતી ઉત્પાદનો જનરેટ કરવાનો આ માર્ગ છે. આ પ્રક્રિયામાં હવાની ગુણવત્તાના વિવિધ સૂચકાંકો અને હવામાનના માપદંડોનું સતત માપ સંકળાયેલું છે, જે વૈજ્ઞાનિક જાણકારીનું વિશ્લેષણ કરે છે, મૂળભૂત વૈજ્ઞાનિક સંશોધન સાથે આગાહીની ક્ષમતા વધારે છે. તેના પગલે સામાન્ય વ્યક્તિ સમજી શકે તેવી ઉપયોગી એપ્લિકેશનને વિજ્ઞાનમાં પરિવર્તિત થાય છે. સફર વિજ્ઞાનને માહિતીમાં પરિવર્તિત કરે છે તથા અતિ સરળ અને યુઝર ફ્રેન્ડલી ફોર્મેટમાં માહિતી વહેંચે છે, જેથી મહત્તમ હિતધારકો જોડાય છે, જેમાં સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાન્ય જનતા તેને સમજી શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે.

આ સાથે "સફર"ની સેવાની શરૂઆત થશે, જેને અમદાવાદ મેટ્રોપોલિટન રિજન (સફર-અમદાવાદ) માટે વિકસાવવામાં આવી છે. તે નીચેની સેવાઓ પ્રદાન કરશે:

1. હવાની ગુણવત્તા: વર્તમાન અને 3 દિવસ સુધીની આગાહી કરવા કલર-કોડેડ એર ક્વોલિટી ઇન્ડેક્સ, જેની સાથે સ્વાસ્થ્ય પ્રત્યે નુકસાનકારક અને સાવચેતી આપવામાં આવે છે.

2. નુકસાનકારક રેડિયેશન: યુવી વિકરણની તીવ્રતા (યુવીઆઇ), જે ત્વચા સંબંધિત નુકસાન સાથે સંકળાયેલી છે.
3. હવામાન: હીટ વેવની માહિતી સાથે વર્તમાન અને ભવિષ્યના હવામાનની આગાહી.
4. અસાધારણ ઘટનાઓ: અતિ પ્રદૂષણ અને હવામાનની સ્થિતિ માટે એલર્ટ.
5. ઉત્સર્જનની સ્થિતિ: નિવારણ વ્યૂહરચનાઓ માટે હવાના પ્રદૂષણના સંસાધનોનો હિસાબ.

ઉદ્ઘાટન સમારંભની મુખ્ય બાબતો નીચે મુજબ છે:

(1) સફરની સેવાઓ વિશે જાણકારી મેળવવા સામાન્ય નાગરિકો માટે પુસ્તિકા જાહેર કરવી.
(2) અમદાવાદ એર ક્વોલિટી માટે મોબાઇલ એપ: "સફર એર" લોન્ચ કરવી
(3) યુનિફાઇડ ડાયનેમિક સફર વેબ પોર્ટલ લોન્ચ કરવી.
(4) સફર-અમદાવાદ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી.
(5) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય હિતધારકો દ્વારા સંચાલિત સફર આધારિત "એર" (એર ઇન્ફોર્મેશન એન્ડ રિસ્પોન્સ) હેલ્થ પ્લાન,.

પ્રોજેક્ટ હેઠળ વિકસાવવામાં આવેલ સિસ્ટમ પ્રોડક્ટ અનેક સામાજિક અને આર્થિક લાભ આપે તેવી શક્યતા છે, જેમાં હેલ્થ, કૃષિ, ઉડ્ડયન, માળખું, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્કિલ, પ્રવાસન અને અન્ય તેના જેવા વિવિધ ક્ષેત્રોમાં ખર્ચની બચત સામેલ છે, જેના પર હવાની ગુણવત્તા અને હવામાનની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર થાય છે. અત્યારે સિસ્ટમ યોગ્ય તાત્કાલિક, ટૂંકા ગાળા અને લાંબા ગાળાની નિવારક વ્યૂહરચનાઓનો અમલ કરવા તથા નવી સ્થાયી નીતિઓ વિકસાવવા નિર્ણયકર્તાઓ દ્વારા ઉપયોગ કરવા માટે તૈયાર છે. અમદાવાદ માટે સફર દ્વારા જનરેટ સિટી ઉત્સર્જન મેપ શહેરમાં સંરક્ષિત વિસ્તારોનું વ્યવસ્થાપન કરવામાં મદદ કરી શકે છે, વૃક્ષારોપણ માટે વિસ્તારો નક્કી કરી શકે છે, જેથી જરૂરી સ્થળો પર મહત્તમ લાભ પ્રદાન કરશે અને યોજનાઓના લાભ વધારશે. સિસ્ટમ પ્રોડક્ટ શહેરમાં આપત્તિ નિવારણ વ્યવસ્થાપન કૌશલ્યમાં સુધારો કરવામાં મદદ કરશે તથા પૂર, વાવાઝોડું, હવાનું અતિ પ્રદૂષણ જેવી આત્યંતિક હવામાન અને પ્રદૂષણ જેવી ઘટનાઓ સાથે સંબંધિત ખર્ચમાં ઘટાડો કરશે. આ સમાજનું અગાઉથી રક્ષણ કરવામાં મદદ કરશે. ભારતમાં માળખાગત વિકાસમાં પુષ્કળ ડસ્ટ જનરેશન સંકળાયેલ છે, જેની હવામાન પર અતિ ખરાબ અસર થશે. સિસ્ટમ પ્રોડક્ટ પ્રોજેક્ટમાં કાર્યકારી ખર્ચ લઘુતમ કરી શકાય એ રીતે પ્રોજેક્ટનું વ્યવસ્થાપન કરવા અને વિકસાવવા માટે મદદરૂપ થશે.

સફર પ્રોડક્ટનો લાભ લેવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આઇઆઇટીએમ, આઇઆઇપીજીએચ, એનઆરડીસી સાથે "એર" (એર ઇન્ફોર્મેશન એન્ડ રિસ્પોન્સ પ્લાન) લોન્ચ કરવાનો નિર્ણય લીધો છે, જે હેલ્થ વ્યાવસાયિકો, અમલીકરણકર્તાઓ અને સમાજને જોડે છે. સફર-એર કોણ, ક્યારે અને કઈ જગ્યાએ નકારાત્મક અસરોનું સૌથી વધુ જોખમ ધરાવી શકે છે એની ધારણા બાંધવા સ્વાસ્થ્ય પર

એક્યુની અસર અને હવામાનની સ્થિતિ સમજવા હેલ્થ વ્યાવસાયિકોને મદદ કરી શકે છે. આ હેલ્થ સેવા પ્રદાન કરવામાં ખર્ચ બચાવવામાં, રોગનું ભારણ ઘટાડવામાં, વધારે કેસોની સારવાર કરવામાં હસ્તક્ષેપને લક્ષ્યાંકને સક્ષમ બનાવે છે. સિસ્ટમ પ્રોડક્ટ્સ માનવીય સ્વાસ્થ્ય પર હવાની ગુણવત્તાની નુકસાનકારક અસર અને મધ્યસ્થી દ્વારા ત્વચા પર સૌર વિકરણની નુકસાનકારક અસર ઘટાડવામાં મદદ કરે છે, જેનાથી સ્વાસ્થ્યને નુકસાનમાં સંકળાયેલા ખર્ચમાં ઘટાડો થાય છે. આ કોઈ પણ વિસ્તારમાં રહેતા લોકોને નુકસાનકારક અસરથી પોતાને બચાવવામાં મદદ કરવા ઉત્પાદકતા સુધારવામાં મદદ કરશે તેવી શક્યતા છે તથા સ્થાયી વૃદ્ધિ સાથે "નવા ભારત"નું નિર્માણ કરવામાં રાષ્ટ્રીય વિકાસમાં પ્રદાન કરશે.

======================